૨૨૦ (વીર નિ૦ સં૦ ૨૫૦) લગભગમાં મહાકાલે પિતા અવંતિસુકુમાલના સ્મારકરૂપે ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદીના કાંઠે અવંતિપાર્શ્વનાથનું વિશાળ મંદિર બનાવ્યું, જે મહાકાલ મંદિર નામે ખ્યાતિ પામ્યું : ૩૧૦, ૩૨૩

૨૧૨ થી ૧૭૫ (ઇ. સ. પૂ. ૨૬૯ થી ૨૩૨)ના ગાળામાં પ્રયાગના કિલ્લામાં અશોકસ્તંભ રચવામાં આવ્યો : ૪૬૯

૨૦૬ થી ૧૬૬ (ઈ. સ. પૂ. ૨૬૩ થી ૨૨૩) સુધી આગરા–અગ્રવનના પ્રદેશ ઉપર સમ્રાટ અશોકનો અધિકાર હતો : ૪૩૭

૨–૩ (ઈ. સ. પૂ. ૨–૩) શતાબ્દીનાં સંસ્મરણો હાથી-ગુફામાં આવેલા સમ્રાટ ખારવેલના લેખમાં અંકિત છે : ૫૦૧

૨ (ઈ. સ. પૂર્વે ૨)જી શતાબ્દીમાં મહારાજા ખારવેલના શાસનનાં ૧૩ વર્ષોની ઘટનાઓ ઉદયગિરિમાં આવેલા હાથીગુફાના શિલાલેખમાં ઉત્કીર્ણ છે : ૫૦૩

–(ઈ. સ. પૂ. ૨)જી શતાબ્દીમાં થયેલા મહારાજા ખારવેલે કલિંગને ફરીથી સમૃદ્ધિ અર્પી અને ભારતમાં ગણનાપાત્ર સામ્રાજ્ય બનાવ્યું : ૫૦૩

–(ઇ. સ. પૂ. ૨) જી શતાબ્દીમાં મથુરા ઉત્તરાપથના રાજમાર્ગ ઉપર વિશાળ નગર ગણાતું : ૪૨૫

૧૯૫ (વીર નિ૦ સં૦ ૨૭૫)માં વુડ્ઢરાજ કલિંગનો રાજા થયો : ૫૦૫

૧૭૦ (વીર નિ૦ સં૦ ૩૦૦)માં ભિક્ખુરાય કલિંગનો સ્વામી બન્યો : ૫૦૫

૧૫૦ માં ખારવેલના સમયે કલિંગ પોતાની સમૃદ્ધિ અને સંસ્કારમાં આગળ પડતો ભાગ ભજવતું હતું : ૪૧૫

–લગભગ (ઇ. સ. પૂ. ૨૦૦)ના અક્ષરોમાં લખાયેલો એક મહત્ત્વપૂર્ણ શિલાલેખ ડૉ. કુહરરને મથુરાથી મળી આવ્યો છે : ૪૨૫

૧૪૩ (વીર નિ૦ સં૦ ૨૨૭)માં ક્ષેમરાજ કલિંગનો રાજા થયો : ૫૦૫

૧૪૦ (વીર નિ૦ સં૦ ૩૩૦)માં ભિક્ખુરાય–ખારવેલ સ્વર્ગસ્થ થયો : ૫૦૬

૧૦૮ (વીર નિ૦ સં૦ ૩૬૨)માં રાજા વક્રરાય સ્વર્ગસ્થ થયો : ૫૦૬

૧૦૦ (ઈ. સ. પૂર્વે ૧૫૦) લગભગમાં ચક્રવર્તી ખારવેલે મધ્યપ્રદેશમાં જૈનત્વના પ્રસાર માટે પ્રયત્ન કર્યો હતો : ૪૦૩

૭૫ (વીર નિ૦ સં૦ ૩૯૫)માં રાજા વિદુહરાય સ્વર્ગસ્થ થયો : ૫૦૬

**વિક્રમસંવત**

૧ પહેલાંનો સ્તૂપ મોહેન–જો–દારોમાંથી મળી આવેલો માનવામાં આવે છે :

–(ઇ. સ. પૂર્વની) બે જિનમૂર્તિઓ અને કેટલાંક જૈન પરિકરો શ્રાવસ્તીના ખોદકામમાંથી મળેલાં છે : ૪૮૩, ૪૮૪

–(ઈ. સ.) પૂર્વે અહિચ્છત્રાના જૈન તીર્થનો મહિમા જળહળતો હતો : ૪૨૨

–(ઇ. સ. પૂર્વે)ની કેટલીય સદીઓ પહેલાં પુંડ્રવર્ધન જૈનધર્મનો કિલ્લો ગણાતું : ૪૧૨

–(ઇ. સ.) ની કેટલીયે શતાબ્દીઓ પૂર્વે મથુરામાં મૂર્તિનિર્માણ થવા લાગ્યું હતું : ૪૨૬

–(ઇ. સ.) પૂર્વે તથા ઇંડોસિથિયન સમયના મથુરાના શિલાલેખો એ સમયના જૈનધર્મની પ્રગતિનો અચૂક ખ્યાલ આપે છે : ૪૨૬

–(ઈ. સ.)ની શરૂઆતથી કે તે પહેલાંથી લઈને બંગાળની વિવિધ સંસ્કૃતિઓમાં જૈન સંસ્કૃતિનું સ્થાન મુખ્ય હોવાનું મળી આવેલાં પુરાતાત્ત્વિક પ્રમાણોથી જણાય છે : ૪૧૪

–(ઇ. સ.)ની પ્રારંભિક અથવા પૂર્વ શતાબ્દીમાં સોપારાથી એક આર્યિકા–સાધ્વીઓનો સંઘ રાજગૃહ તીર્થની યાત્રાએ આવ્યો હતો : ૪૫૪

–(ઇ. સ. પૂ. ૧)લા સૈકાથી અર્વાચીન, ઉદયગિરિ અને ખંડગિરિ ઉપરની કેટલીક ગુફાઓને બાદ કરતાં, નથી : ૫૦૬

૧ ચૈત્ર સુદિ ૧ ને ગુરુવારે ઉજ્જૈનના રાજાએ ભાટ દેશ નિવાસી મહાક્ષપટલિક પરમ શ્રાવક, શ્વેતાંબર મતના અનુયાયી બ્રાહ્મણ ગૌતમપુત્ર કાત્યાયનદ્વારા મહાકાલ મંદિરને ૨૫૫ ગામો સમર્પણ કર્યાની શાસનપટ્ટિકા આપી : ૩૨૪

–માં શ્રીસિદ્ધસેનસૂરિએ વિક્રમાદિત્ય રાજાની સમક્ષ મહાકાલ મંદિરમાં પધરાવેલા લિંગનો સ્ફોટ કરી બતાવ્યો ત્યારે રાજાએ એક શાસનપત્ર લખી આપી એ મંદિર જૈનોને અર્પણ કર્યું : ૩૧૦

૫૨ (વીર નિ૦ સં૦ ૫૨૨)માં આર્ય રક્ષિતસૂરિનો જન્મ થયો હતો : ૩૧૮

–(વીર નિ૦ સં૦ ૫૨૨)માં દશપુરમાં જન્મેલા આર્ય રક્ષિતસૂરિએ અધ્યાપક વિંધ્યની પ્રાર્થનાથી જૈન સાહિત્યને ચાર અનુયોગોમાં વિભાજિત કર્યું : ૩૧૧

૭૦ (ઇ. સ. ૧૨૭) અથવા પછીનો સમય કુષાણ રાજાઓનો હોવાનું કેટલાક વિદ્વાનો માને છે : ટિ૦ ૩૬૪

૧ લા સૈકા (ઇ૦ સ૦ ના પ્રારંભ)ની એક સરસ્વતી દેવીની મૂર્તિ મથુરાના કંકાલીટીલામાંથી મળી આવી છે : ૪૨૯

–લા સૈકાની શરૂઆતમાં આર્ય કાલકસૂરિએ ગર્દભિલ્લ રાજાને ઉજ્જૈનના સિંહાસન ઉપરથી ઉતારી તેના સ્થાને શકસ્તાનના શાહીઓને સ્થાપ્યા : ૩૨૨

૮૭૨ થી ૯૩૪ (ઈ. સ. ૮૧૫ થી ૮૭૭) માં રાજ્ય કરતો રાષ્ટ્રકૂટ અમોઘવર્ષ (પહેલો) જૈનાચાર્ય જિનસેન અને તેમના શિષ્ય ગુણચંદ્રનો ઉપાસક હતો : ૩૭૫

૮૯૫ માં કાળધર્મ પામેલા શ્રીબપ્પભટ્ટિસૂરિએ જેમ મથુરા તીર્થનો ઉદ્ધાર કરાવ્યો તેમ શૌરીપુરનો પણ જીર્ણોદ્ધાર કરાવ્યો હતો : ૪૩૨

–માં આમ રાજાનો સ્વર્ગવાસ થયો હતો : ૪૧૬

૯ મા સૈકાથી પહેલાં માંડવગઢના ઇતિહાસ ઉપર વિશેષ પ્રકાશ નાખવામાં આવ્યો નથી. ૩૨૯

–મા સૈકામાં શ્રીબપ્પભટ્ટિસૂરિએ મથુરાના જૈન સ્તૂપનો જીર્ણોદ્ધાર કરાવ્યો : ૪૨૫

–મા સૈકામાં આમરાજ થયો : ૩૧૧

–મા સૈકામાં થયેલા કનોજના રાજા નાગાવલોક, જેને જૈનો આમરાજાના નામે ઓળખે છે, તેનો ગ્વાલિયર પર અધિકાર હતો : ૪૧૬

–મા સૈકામાં થયેલા કનોજના આમરાજાએ રાજગૃહ ઉપર ચડાઈ કરીને ૧૨ વર્ષ સુધી તેને ઘેરો ઘાલ્યો હતો : ૪૫૪

–મા સૈકામાં થયેલા શ્રીબપ્પભટ્ટિસૂરિ સમેતશિખર તીર્થની હંમેશાં યાત્રા કરતા હતા : ૪૪૪

–મા સૈકામાં રાષ્ટ્રકૂટવંશી રાજાઓએ હૈદ્રાબાદ રાજ્યમાં આવેલા માલખેડમાં ગાદી બદલી : ૩૭૫

–મા સૈકાની એક જિનમૂર્તિ જે પલામૂ સ્થાનથી મળી આવેલી તે પટણાના મ્યુઝિયમમાં છે : ૪૮૦

–મા સૈકા લગભગની જૈન ગુફાઓ ચાલીસ ગામથી ૧૨–૧૪ માઈલ છેટે આવેલા પહાડમાં પિત્તલખોરા નામે પ્રસિદ્ધ છે : ૪૮૧

–મા (ઇ. સ. ૯) સૈકા પહેલાંની કોઈ પુરાતન વસ્તુ ભુવનેશ્વરમાંથી મળી આવતી નથી : ૫૦૧

–મા સૈકા (?) માં કાંગડામાં શ્રીઆદિનાથ ભગવાનની પ્રતિષ્ઠા શ્રેષ્ઠી સિદ્ધરાજના વંશજ કુંડલક અને કુમારે આ૦ અમલચંદ્રસૂરિના હસ્તે કરાવી : ૩૫૦

–મા સૈકા (૩૦ સપ્તર્ષિ સંવત્) ના લેખવાળી જિન-પ્રતિમા કાંગડાના ઇંદ્રેશ્વર મંદિરમાં છે : ૩૬૧

૯–૧૦ મા સૈકાની કારીગરી કુર્કશમઠની જણાય છે, જે મૂળમાં જૈન મંદિર હોવાનું પુરાતત્ત્વજ્ઞો કહે છે : ૪૦૪

–મા સૈકાની દેવનાગરી લિપિમાં કોતરેલા લેખવાળી શ્રીમહાવીરસ્વામીની પ્રતિમા વૈભારગિરિ ઉપર ભારત સરકારના સંશોધનખાતાની કચેરીમાં છે : ૪૬૨

–મી શતાબ્દીના લેખોવાળી મૂર્તિઓ પણ લખનૌના અજાયબઘરમાં છે : ૪૧૯

૯૦૯ ના અષાડ સુદિ ૧૦ ને ગુરુવારે અનંગપાલ રાજાએ દિલ્હી નગર વસાવ્યું એમ કવિ કિસનદાસ કહે છે : ૩૫૨

–માં જે પ્રતિમા ધૂલેવામાં પ્રગટ થઇ તે પ્રતિમા મૂળે બડોદામાં હતી, તે જ આજે કેશરિયાજી તીર્થમાં મૂળ-નાયકરૂપે પૂજાય છે : ૩૪૫

૯૩૨ (શક સં. ૭૯૭) માં પૃથ્વીવર્માએ પોતાના રાજ્યાભિષેક વખતે જૈન મંદિરને દાન કર્યું : ૩૭૫

૯૩૨–૯૩૩ ની સાલના ભોજદેવના બે શિલાલેખો ગ્વાલિયરના કિલ્લામાંથી મળી આવ્યા છે : ૪૧૬

૯૪૭ (ઈ. સ. ૮૯૦) નો રાજકાળ કનોજના પ્રતિહારવંશીય પ્રથમ મહેન્દ્રપાલનો હોવાનું મનાય છે : ૫૦૦

૯૫૩ થી ૯૯૮ (ઈ. સ. ૧૦૧૦ થી ૧૦૫૫) માં ભોજરાજ માલવાનો રાજા હતો : ૩૨૯

૯૫૭ (ઈ. સ. ૯૦૦) નો મયૂરધ્વજ રાજાનો લેખ શ્રાવસ્તીના ખોદકામમાંથી મળી આવ્યો છે : ૪૮૨

૯૫૯ (શક સં. ૮૨૪) માં એક વૈશ્યે મૂલગુંડ (ધારવાડ જિલ્લા) ના એક જૈન મંદિર માટે દાન કર્યું : ૩૭૫

૯૬૫ (સને ૧૦૨૨) માં રાજમહેંદ્રીમાં રાજરાજ ગાદીએ આવ્યો, તે પછી દક્ષિણમાં જૈનધર્મને વધુ ક્ષતિ પહોંચી : ૩૭૪

૯૮૨ (ઇ. સ. ૯૨૫) નો હંસધ્વજ રાજાનો લેખ શ્રાવસ્તીના ખોદકામમાંથી મળી આવ્યો છે : ૪૮૨

૯૯૪ માં વિદ્યમાન શ્રીઉદ્દ્યોતનસૂરિ શૌરીપુર તીર્થમાં યાત્રાર્થે આવ્યા હતા : ૪૩૨

૧૦ મા સૈકા પહેલાંની ત્રણ જિનપ્રતિમાઓ હૈદ્રાબાદના મ્યુઝિયમમાં છે : ૩૯૫

–મા સૈકા પહેલાંની એક શ્રીઋષભદેવની અર્ધપદ્માસનસ્થ મૂર્તિ મદ્રાસથી ૧૦ માઈલ દૂર પડિલ નામના સ્થળે આવેલા જૈન મંદિરમાં છે : ૩૯૦

–મા સૈકામાં શ્રીઉદ્દ્યોતનાચાર્યે રચેલી 'કુવલયમાળા'માં હૂણ જાતિનો ઉલ્લેખ કર્યો છે : ટિ૦ ૪૧૬

–મા સૈકાની એક ધાતુપ્રતિમા દિલ્હીના કિનારી બજારમાં નવઘરા મહોલ્લામાં આવેલા શ્રીસુમતિનાથ મંદિરના મેડા ઉપર છે : ૩૫૪

–મા સૈકાની એક જિનમૂર્તિ, જે માનભૂમ જિલ્લાના પલામૂ સ્થાનથી મળી આવેલી તે પટણાના મ્યુઝિયમમાં વિદ્યમાન છે : ૪૭૯

–મા સૈકાની એક જિનપ્રતિમા, જે ચૌસાથી મળી આવેલી તે પટણાના મ્યુઝિયમમાં છે : ૪૮૦

–મા સૈકાની બે યક્ષમૂર્તિઓ પટણાના મ્યુઝિયમમાં છે : ૪૮૦

–મા સૈકાની શ્યામ પાષાણની બે બૌદ્ધમૂર્તિઓ અયોધ્યાના જિનમંદિરમાં જિનમૂર્તિ તરીકે પૂજાય છે : ૪૬૮